Extra No. 212

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૯મી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૬૨/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

Gujarat Municipalities Act, 1963

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી મે, ૨૦૨૫

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૬૨/યુડીયુએચડી/એમઆઈએસ/એમપીએમએલએ/૧૮/૨૦૨૨/૦૦૦૨/એમ: ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ગુજરાતના ૧૭મા) થી, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમ ૬ની પેટા-કલમ (૩) ના ખંડ (ગ) માં સુધારો કરવામાં આવ્યો છે જેથી કરીને, બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકાના પ્રમાણમાં પછાત વર્ગોની વ્યક્તિઓને અનામત આપી શકાય;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના બાબરા નગરપાલિકા વિસ્તારોની વસતીના આંકડા અનુસાર તેમજ (સદરહુ) અધિનિયમ ૧૯૬૩ની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬-ની પેટા-કલમો (૨) અને (૩) સાથે વાંચતા, કલમ ૭-ની પેટા- કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૭-મી ઓગસ્ટ, ૨૦૨૪-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૪નો ૧૯૦/યુડીયુએચડી/એમડબલ્યુડી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૦૫૭/એમ.- ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) બાબરા નગરપાલિકાના વિસ્તારો, ૬ વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા ૨૪ કાઉન્સિલરનું બનશે:

(૨) કાઉન્સિલરની અઠ્ઠાવીસ ૨૪ બેઠકોમાંથી,-

(૧) ૨ બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ૧ બેઠક અનુસૂચિત જાતિઓની સ્ત્રી માટે અનામત રહેશે;

(૨) ૬ બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે; જેમાંથી ૩ બેઠકો પછાત વર્ગોની સ્ત્રી માટે અનામત રહેશે;

(૩) ૧૨ બેઠકો, ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે, (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) સ્ત્રીઓ માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામામાં કોઈપણ મજકૂર, આ જાહેરનામાના આરંભ પહેલા, બાબરા નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરેલા કૃત્યોને અસર કરશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનિષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.10 21:59:59 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar